**<u>કચ્છ – માંડવીનાં એડીશનલ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ</u>**

**<u>ફોજદારી કેસ નં. ૨૭/૨૦૨૬</u>**

*શ્રી સરકાર* ... **ફરીયાદી**

*<u>–: વિ રૂ દ્ધ :–</u>*

*અંકિત દયાશંકર મોતા* ... **આરોપી**

**<u>ગુનો :– ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ</u>**

આ કામના આરોપી અદાલતમાં હાજર થઈ આ ગુન્હાની કબુલાત કરવા તૈયારી દર્શાવેલ છે જેથી આ પ્રકારનો ગુન્હો જો કબુલ કરશે તેમાં કાયદામાં જે સજા દર્શાવવામાં આવેલ છે તે પ્રકારની સજા થઈ શકે છે તેવી સ્પષ્ટ સમજ કરવામાં આવેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમની સામેનો ગુનો સ્વેચ્છાએ કબુલ કરેલ છે આરોપીની રજુઆત મુજબ તેમનો આ પ્રથમ ગુનો છે. તેઓ કોઈ ગુનાહિત ઈતીહાસ ધરાવતા નથી જેથી આરોપી પોતાને સજા કરતી વખતે રહેમ દ્રષ્ટી રાખવા અરજ ગુજારેલ છે. નામદાર ગુજરાતની વડી અદાલતે **<u>૨૦૦૫(૧) જી.એલ.આર. પેજ.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવરભાઈ હરીચંદ્રજી ઠાકોર</u>**ના રીપોર્ટેડ રૂલીંગમાં પેટી ઓફેન્સીસ સ્વરૂપના આરોપીના પ્રથમ ગુનાના કામે કોર્ટ આરોપીને કાયદાથી નકકી થયેલ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા ભોગવવાનો હુકમ કરી શકે તેવું જે ઠરાવ્યું છે તેવી હકીકત લક્ષમાં લેતા આરોપીની રજુઆત માન્ય રાખીને નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

આરોપીને *<u>ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪</u>* ના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.*<u>૭૦૦</u>*/– અંકે રૂપિયા *<u>સાતસો</u>* પુરાનો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–*<u>૦૨</u>* ની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:** ૧૪–૦૩–૨૦૨૬
**સ્થળ :** માંડવી

**( મયુર સુભાષભાઈ ગેલોદ )**
એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
માંડવી–કચ્છ
કોડ નં.જી.જે. ૦૧૭૫૬